ANNEXURE - 2

ડીડીઓ અને ભુજ પ્રાંત અધિકારીએ જી.કે. જનરલ હોસ્પિટલની રિવ્યુ મુલાકાત લીધી

ભુજ : જિલ્લામાં કોરોના સંક્રમણમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે વહિવટી તંત્ર દ્વારા દિવસ-રાત વ્યાયામ આદરી કચ્છમાં કોરોનાને કંટ્રોલમાં લેવા તબક્કાવાર પગલાઓ ભરાઈ રહ્યા છે. દિવસની મેરેથોન બેઠકો અને ગ્રાઉન્ડ લેવલની કામગીરી પણ ચકાસવામાં આવી રહી છે ત્યારે જિલ્લા વિકાસ અધિકારી ભવ્ય વર્મા અને ભુજ પ્રાંત અધિકારી મનિષ ગુરવાનીએ મંગળવારે જી.કે. જનરલ હોસ્પિટલની રિવ્યુ મુલાકાત લીધી હતી.

હોસ્પિટલમાં કોવિડ દર્દીઓને અપાતી સારવાર, હેલ્પડેસ્કનું મેનેજમેન્ટ, ઓક્સિજન સપ્લાય, ઈન્જેકશન વિતરણ વ્યવસ્થા સહિતની બાબતો સુચારૂ રૂપે થાય છે કે કેમ તેની સમીક્ષા કરવવામાં આવી હતી. બેઠકમાં જે નિર્ણય લેવાયા હતા તેની અમલવારી માટે અધિકારીઓ ખુદ ગ્રાઉન્ડ લેવલ પર કામગીરી કરી રહ્યા છે, જેના કારણે દર્દીઓની અગવડતામાં ઘટાડો થઈ રહ્યો છે. મુખ્ય કોવિડ હોસ્પિટલ જી.કે. જનરલમાં દર્દીઓનો ધસારો વધારે છે ત્યારે ઉચ્ચ અધિકારીઓ રૂબરૂ મુલાકાત લઈ લોકોની પડખે તંત્ર છે તેવો અહેસાસ અપાવી રહ્યા છે. આ મુલાકાત વખતે હોસ્પિટલના મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. નરેન્દ્ર હિરાણી, ડો. શાર્દુલ ચોરસિયા સહિતના હાજર રહ્યા હતા.

કોરોનાના ભયને મનમાં ભરીને નહી પણ દ્રઢ મનોબળ રાખી મન ભરીને જીવીએ : સ્વામી દેવચરણદાસ

ભુજ : વર્તમાન સમયમાં કોરોના વાયરસ શરીરમાં વ્યાપેલી બીમારીમાંથી માનસિક બીમારી વધુ બનતું જાય છે. સુતા જાગતા નજર સામે બસ એક જ શબ્દ, એક જ વાત આવે છે કોરોના કોરોના અને કોરોના. હવે સમય આવી ગયો છે કે માનસિક રીતે મજબુત બનાએ અને કોરોનાને ટક્કર આપીએ કારણ એકે એક વાત મનમાં ભરીને મરવા કરતાં મન ભરીને જીવીએ તો શું ખોટું. તો ખોટી અફવાઓ અને વાતોથી વિચલિત ન થઈએ અને પોતાનુ તેમજ પરિવારનું ધ્યાન રાખીએ.

તપોવનધામ- રામપર વેકરા ના સ્વામી દેવચરણદાસ એક સરસ ઉદાહરણ આપે છે કે બે યુવાનો કોરોના વાયરસ ની ઝપેટમાં આવી ગયા બંને માં કોરોના ના લક્ષણો તેમજ સ્થિતી બસ એકસરખી જ હતી અને એક જ હોસ્પિટલમાં રાખી બંનેને સમાન સારવાર પણ આપવામાં આવી. પરંતુ એક યુવાનનુ પાંચ દિવસે નિધન થયું જયારે બીજો યુવાન દસ દિવસમાં કોરોનાને મ્હાત આપી ને ઘેર પાછો ફર્યો આવું કેમ ? કારણ છે પહેલા યુવાનના મનમાં વ્યાપેલો ભય અને નકારાત્મકતા નો વાયરસ અને આ વાયરસ કોરોના વાયરસ થી પણ વધુ ઘાતક છે. આપણે જેટલા હકારાત્મક રહેશું તેટલી જ દવા પણ વધુ આપણા ઉપર અસર કરશે. તો બસ હસતા રહીએ આનંદિત રહીએ. ભય મુક્ત બનીએ પણ બેદરકાર નહી કોરોના જેવા લક્ષણો જણાય તો સમયસર દવા લઈએ કારણકે વધુ સમય લેવાથી આપણે આપણા પરિવાર માટે પણ જોખમી બનીએ છીએ. અણધારી ઉપાધી આવી છે ત્યારે તંત્ર ખુબ મહેનત કરી રહ્યું છે.

મેડિકલ-પેરામેડિકલ સ્ટાફ ભગવાનનું સ્વરૂપ બની લોકોની માવજત કરી રહ્યું છે ત્યારે આપણે પણ તેમને સહકાર આપી તેમનો જુસ્સો વધારીએ અને આ અણધારી આવી પહોંચેલી ઉપાધી માંથી બહાર આવવા તરફ પ્રયાણ કરીએ.

લેર તથા ધોળાવા મંદિરે સાદગી સાથે હનુમાન જયંતિની ઉજવણી કરાઈ

સરકાર કોવિડ-૧૯ ગાઈડલાઈનનું પાલન કરાયું

ભુજ : તાલુકાના સુપ્રસિદ્ધ લેરવાળા હનુમાનજીના મંદિરે તથા ધોળાવા હનુમાનના મંદિરે હનુમાન જયંતિની સરકારની ગાઈડલાઈન મુજબ સાદગીથી ઉજવણી કરવામાં આવી હતી.

લેરના સુપ્રસિદ્ધ હનુમાનજીના મંદિરે હનુમાન જયંતિ નિમિત્તે સાદગીથી ઉજવણી કરવામાં આવી હતી તેવું લેરવાળા હનુમાનજી મંદિરના પુજારીએ જણાવ્યું હતું. ભક્તો દ્વારા આ મહામારી દૂર થાય તે માટે હનુમાનજી મહારાજને પ્રાર્થના કરવામાં આવી હતી તથા મંદિર હવે બંધ રહેશે તેવું જણાવાયું હતું, તો ભુજ-અંજાર હાઈવે રોડ પર ભુજોડી પાસે આવેલ ધોળાવા હનુમાન મંદિરના ટ્રસ્ટી હિંમતદાન ગઢવીએ જણાવ્યું હતુ કે, વર્તમાન કોવિડ-૧૯ મહામારીના કારણે મંદિર મધ્યે સાદગીથી ઉજવણી કરવામાં આવી હતી તથા સરકારની કોવિડ-૧૯ ગાઈડલાઈનનું પાલન કરવામાં આવ્યુ હતુ.

માધાપર જૈન સમાજે મહાવીર જયંતીની ઉજવણી જીવદયાના કાર્યો સાથે કરી

માધાપર : સમસ્ત જૈન સમાજ માધાપર દ્વારા શ્રી મહાવીર સ્વામી ભગવાનના ૨૬૧૯માં જન્મ કલ્યાણક દિનની ઉજવણી જીવદયાના કાર્યોથી કરાઈ હતી. ૫૧ ગાડી ગાયોને ઘાસ અલગ અલગ ગામોમા મોકલવામાં આવ્યા તેમજ ૫૧ જગ્યા પર પક્ષીઓને ચણ મોકલવામા આવ્યુ હતુ.

૫.પૂ.શ્રી પ્રતિભાબાઈ સ્વામી મહાસતીજીની નિશ્રામાં ૫.પૂ. પ્રતિભાબાઈ સ્વામી મહાસતીજીની ઉપસ્થિતિમા નવકાર મહામંત્રના મંગલાચરણ તેમજ ભગવાન મહાવીર સ્વામીના અહીંસા પરમો ધર્મના સંદેશ સાથે ભુજ મતવિસ્તારના ધારાસભ્ય ડો. નીમાબેન આચાર્ય તથા કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ પારૂલબેન કારા અને સમસ્ત જૈન સમાજ માધાપરના પ્રમુખ હિતેશભાઈ ખંડોર ઉપસ્થિતિમાં લીલા ઘાસની ગાડીઓ તથા પક્ષીઓને ચણ મોકલવામા આવ્યું હતુ.

આ પ્રસંગે સમસ્ત જૈન સમાજના પ્રમુખ તથા કચ્છ જિલ્લા ભાજપના પૂર્વ મંત્રી હિતેશભાઈ ખંડોરે જણાવ્યુ કે, કોરોનાની મહામારીના કારણે આજે જીવદયાના કાર્યોથી જન્મ કલ્યાણકની ઉજવણી કરવામાં આવી હતી. ભુજના ધારાસભ્ય ડો. નીમાબેન ભાવેશભાઈ આચાર્ય તથા જી.પં.ના પ્રમુખ પારૂલબેન રમેશભાઈ કારા દ્વારા મહાવીર જન્મ કલ્યાણ નિમિત્તે સમગ્ર સમાજને શુભેચ્છા પાઠવી હતી.

આ કાર્ય માટે ઘાસના દાતાઓ જેમા વી.બી.સી. જૈન યુવક મંડળ-માધાપર, હિંમતલાલ માવજીભાઈ ખંડોર પરિવાર, હરીભાઈ પના માતા પરિવાર, માતુશ્રી ચંચળબેન લક્ષ્મીચંદ દોશી પરિવાર, પ્રવિણચંદ કલ્યાણજી દોશી પરિવાર, પાટ હનુમાન મંદિર, સુંદરબેન દેવશીભાઈ ભુવા હસ્તે રોહિતભાઈ શાહ, ચેતનભાઈ ભગવાનજી ઠક્કર પરિવારે ૫૧ ગાડી ઘાસના સહયોગ આપ્યો હતો.

૫૧ બાચકા ચણના સહયોગમાં દાતા ખંડોર હિંમતલાલ માવજી, ભાભેરા કાંતિલાલ સ્વરૂપચંદ, લક્ષ્મીબેન વરધીલાલ મહેતા, ચમનલાલ સ્વરૂપચંદ ભાભેરા, ટોટલ વોટર સિક્યોર પર્ફિગ, સ્વ. પ્રવિણચંદ્ર કલ્યાણજી દોશી, દેવશીભાઈ વેલજી સુથાર, નિરાલીબેન ભાવેશ ટાંક, શાંતિલાલ સ્વરૂપચંદ મહેતા હસ્તે સુરેશ મહેતા, કપુભાઈ પુજ, ચેતનભાઈ ભગવાનજી ઠક્કર પરિવારે સહયોગ આપ્યો હતો તથા નવીનભાઈ લાલન પરિવાર રહ્યા હતા. માનવ જ્યોત-ભુજ સંસ્થા દ્વારા ૧૦૦૦ પાણીના કુંડા તથા ચકલી ઘર અને બીચડી ઘરના ૧ દિવસના દાતા શાંતાબેન ભગવાનજી ખંડોર પરિવાર દ્વારા સહયોગ મળ્યો હતો. આ ઘાસની ગાડીઓ કાકડુરી અહીંસાધામ જીવદયા મંડળ ભચાઉ, માનવ મંદિર માધાપર ગવાવાસ, માધાપર જુનાવાસ, ગંગેશ્વર, સુમરાસરશેખ, ઢોરી, કુનરિયા, હુસ, લોરિયા, હુસ કેમ્પ, મુન્દ્રા, નારણપર, કેરા, દહીંસરા, ગોડપર, મખપર, સરલી, દેશલપર, કુરબાઈ, આણંદસર, વાગ્રાસર, નાગિયારી, ફોટડી, નથ્થરકુઈ, ખ્યારા, વીછીયા, કુવાથડ, પાયરકા, મખણા, બાઉખા, કુરબઈ વગેરે ગામોમાં ઘાસ મોકલવામાં આવ્યું હતુ.

પુજ્ય પ્રતિભાબાઈ સ્વામી મહાસતીજીના પ્રેરણાથી હેતલબેન સુધીરભાઈ (રહે. અમેરિકા) તરફથી ગાયોધામ ગૌશાળા-૧૨ બાચકા મકાઈ, માનવ મંદિર ૧૨ બાચકા ભુંસો, લુણી પાંજરાપોળ-૧૩ બાચકા, ભુજપુર પાંજરાપોળ-૧૩ બાચકા તેમજ અહીંસાધામ પ્રાગપર રોડ ૧૨ બાચકા ભુસો મકાઈ મોકલવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં મુર્તિપુજક જૈન સંઘના પ્રમુખ વસંતભાઈ મહેતા, માધાપર જૈન સમાજના મહામંત્રી સંજય મહેતા, મંત્રી ભુપેન્દ્રભાઈ શાહ, વી.બી.સી. સમાજના મંત્રી, મહેશ મહેતા, વીબીસી યુવક મંડળના મંત્રીને ગ્રામ પંચાયતના સદસ્ય નીતિનભાઈ, અનુકંપા કન્વીર સહિતભાઈ શાહ, માધાપર વેપારી એસોસિએશનના પ્રમુખ બિપિનભાઈ મહેતા, પીન્ટુભાઈ પટવા, રાજાભાઈ લાદરિયા, નાગલાલ મહેતા, સચીકાંતભાઈ શેઠ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં સેવા આપવા ઈચ્છુક કાર્યકરોને ઈજન

ભુજ : પ્રવર્તમાન કોરોના મહામારીના પરિસ્થિતિ વચ્ચે આરોગ્ય સેવાને અસર પહોંચી છે. આરએસએસની સંલગ્ન સંસ્થાઓ અનેક સેવા હાથ ધરી રહ્યા છે ત્યારે ભુજ જી.કે.જનરલ હોસ્પિટલમાં સેવા આપવા ઈચ્છુક કાર્યકરોને ઈજન આપવામાં આવી રહ્યું છે. જેમાં ખાસ તો ભુજની જી.કે. હોસ્પિટલ પર કામના વધેલા ભારણને કારણે મેન પાવરની તાતી જરૂરિયાત વર્તાઈ છે તેવા સંજોગોમાં જી.કે.માં સેવા આપવા માટે છ કલાકનો સમય આપી શકે તેવા કાર્યકર્તાઓને પોતાના નામની નોંધણી કરવા જણાવાયું છે. છ-છ કલાકની ૪ પાળી કરવામાં આવી છે. જેમાં સવારે ૬થી ૧૨, બપોરે ૧૨થી ૫, સાંજે ૫થી ૧૦ અને રાત્રે ૧૦થી ૬ કલાકની ડ્યુટી બજાવી શકે તેવા કાર્યકરોને મોબાઈલ નં. ૮૯૨૮૦ ૬૧૯૩૭ પર નામ નોંધાવવા જણાવાયું છે.

વાગડ પંથકમાં કોરોના મહામારીથી લોકો ત્રસ્ત : નેતાઓ મસ્ત

ચૂંટણી સમયે મત માંગનાર અચાનક ગાયબ

ભચાઉ : કોવિડ-૧૯ મહામારી બેકાબૂ બની છે ત્યારે કચ્છમાં પણ સ્થિત ચિંતાજનક છે. લોકો જરૂરી માર્ગદર્શનના અભાવે ભારે મુશ્કેલી ભોગવવી પડે છે. ચૂંટણી સમયે કાર્યાલય ખોલનાર નેતાઓ મુશ્કેલીના સમયમા અદ્રશ્ય થઈ ગયા છે.

કોરોના મહામારીએ પુરા વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે ત્યારે વાગડ પંથકમાં પણ કોવિડના કેસો તથા મૃત્યુ આંકમાં ઉછાળો થઈ રહ્યો છે. વાગડ પંથકમાં અપુરતો સ્ટાફ, ઓક્સિજન બેડની કમી, રેમડેસીવી ઈન્જેકશન, આરટીપીસીઆર સહિતના પ્રશ્ને લોકો મુશ્કેલીમા મુકાયા છે.

ચૂંટણી સમયે મત માંગવા માટે કાર્યાલય ખોલનાર નેતાઓ હાલના સમયમાં ગાયબ થઈ ગયા છે. કારણ કે, નેતાઓને માત્ર મતમાં રસ હોય છે. સેવામા નહી. જેના કારણે કોવિડના દર્દીઓ તથા તેમના સગાઓની હાલત કફોડી બની છે. નેતાઓને માત્ર ફોટા પડાવામાં જ રસ હોય તેમ લાગે છે. મજાનુ જે થવાનુ હોય તે થાય અમને શુ એવી સ્વઉક્તિ નેતાઓ બોલતા હશે.

બિદડાના જમીન કેસમાં આરોપીના આગોતરા જામીન ભુજની અદાલતે મંજૂર કર્યા

માંડવી : તાલુકાના બિદડા ગામે સર્વે નંબર ૧૭૬ વાળી ખેતીની જમીન ઉપર દબાણ કરવા અંગે ફરિયાદી દિનેશ પ્રેમજી કક્કાએ બીમજી રાજા મહેશ્વરી વિરૂદ્ધ માંડવી પોલીસ સ્ટેશનમાં લેન્ડગ્રેબીંગ કાયદા હેઠળ ગુનો નોંધાવ્યો હતો, જે અંગે આરોપીએ ભુજ અદાલત સમક્ષ આગોતરા જામીન માટે અરજી કરી હતી. ઓનલાઈન રૂમથી સ્પે. જજ પી.એસ. ગઢવી સમક્ષ દલીલો, જમીનના સાટા કરારના વ્યવહારો, દસ્તાવેજો વગેરે આધારો ધ્યાને લઈને આરોપીની આગોતરા જામીન અરજી મંજૂર કરવાનો હુકમ કર્યો હતો. આરોપીના વકીલ તરીકે એમ.એચ. રાઠોડ, એ.એ. પઢિયાર, આર.કે. સમેજા, એફ. એ. સમેજા તથા ડી.કે. જાટિયા હાજર રહ્યા હતા.

ગુર્જર મેઘવાળ સમાજના અગ્રણીના નિધનથી સમગ્ર સમાજમાં શોક છવાયો

ભુજ : ગુર્જર મેઘવાળ સમાજ ના અગ્રણી વાલજી ભાઈ મવાજર કાંઠેચાનું દુઃખદ અવસાન થતા શોકની લાગણી ફેલાવી હતી. તેઓ ગુર્જર મેઘવાળ સમાજના અગ્રણી હતા. સામાજિક સુધારણા માટે તેઓ સતત પ્રયત્નશીલ હતા. સમાજે એક સારા વ્યક્તિને ગુમાવ્યાની લાગણી વ્યકત કરીને શ્રદ્ધાસુમન સોશિયલ મીડિયાના માધ્યમથી અર્પણ કરી હતી. સામજિક, ધાર્મિક અને શૈક્ષણિક સહિતના મંડળોના પ્રમુખ, હોદ્દેદારોએ પરિવારના સભ્યોને ટેલિફોનિક સાંત્વના પાઠવી હતી.

"ક્રાઈમ ક્લિક રિપોર્ટ"

ભુજમાંથી પોલીસે શંકાસ્પદ ડીઝલનો જથ્થો ઝડપ્યો

પશ્ચિમ કચ્છ લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે ભુજ તાલુકાના પુલ પાટીયાના મેઈન રોડ પર આવેલી ચાંદ હોટલની પાછળ દરોડો પાડીને હોટલ માલિક રમઝાન સુલેમાન સુમરાની ધરપકડ કરી હતી. આરોપીના કબ્જામાંથી પોલીસે રૂ. ૧૯, ૫૦૦ની કિંમતનું ૩૦૦ લીટર શંકાસ્પદ ડીઝલ ઝડપી પાડીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મોટી ખેડોઈમાંથી અંજાર પોલીસે સવા લાખનો શરાબ ઝડપ્યો

અંજાર પોલીસની ટીમ દારૂ-જુગારની ગેરપ્રવૃતિઓ અટકાવવા માટે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલી બાતમી હકીકતને આધારે દરોડો પાડી ૧, ૨૩, ૩૦૦નો શરાબ ઝડપી પડાયો હતો. ખેડોઈમાં રહેતા યોગેન્દ્રસિંહ સુખદેવસિંહ જાડેજા પોતાના કબ્જાના મકાનમાં ગેરકાયદેસર રીતે દારૂના વેંચાણની પ્રવૃતિ કરતા હોવાની બાતમીને પગલે તેમના મકાનમાં રેઈડ પડાઈ હતી. પોલીસે બનાવ સ્થળેથી ૩૪૮ નંગ દારૂના બોટલ કબ્જે કરી હતી. જયારે આરોપી હાજર મળ્યો ન હતો.

કુકમામાંથી એલસીબીએ ૧.૧૦ લાખનો દારૂ ઝડપ્યો

પશ્ચિમ કચ્છની સ્થાનિક ગુના શોધક શાખાની ટીમે પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીને આધારે કુકમામાં દારૂની સફળ રેડ પાડી હતી. કુકમાના વણકરવાસમાં રહેતો આરોપી જીતેન્દ્ર ઉર્ફે જીવુ રવજી વણકર પોતાના રહેણાંક મકાનમાં ઈંગ્લિશ દારૂનું વેંચાણ કરતો હોવાની બાતમીને પગલે એલસીબીએ દરોડો પાડ્યો હતો. જેમાં જુદા-જુદા બ્રાન્ડની રૂા. ૧, ૭૯, ૯૧૫ની દારૂની બોટલ તેમજ એક લાખની કાર પોલીસે કબ્જે કરી હતી. તો આરોપી પોલીસને હાથ લાગ્યો ન હતો.

અબડાસાના ડુમરામાંથી ૧.૮૧ લાખનો દારૂ બીયર ઝડપાયો

આ તરફ અબડાસાના ડુમરામાંથી પણ પોલીસે ૧.૮૧ લાખના દારૂ બિયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પશ્ચિમ કચ્છ એલસીબીની ટીમને મળેલી બાતમીને આધારે ડુમરામાં રહેતા ભાવેશસિંહ કિશનસિંહ રાઠોડના રહેણાંક મકાનમાં દરોડો પાડીને રૂા. ૧, ૮૧, ૮૭૫ની કિંમતની ૪૮૧ નંગ દારૂની બોટલ તેમજ ૯૯ નંગ બીયરના ટીન ઝડપી પાડયા હતા. તેમજ આરોપી ભાવેશસિંહની ધરપકડ કરી હતી. જયારે સહદેવસિંહ ઉમેદસિંહ જાડેજા નામનો આરોપી હાથ લાગ્યો ન હતો.

મોરગરમાં એરંડા-ગુવાર ચોરનાર ત્રિપુટી ઝડપાઈ

ભચાઉ તાલુકાના મોરગરમાંથી એરંડા અને ગુવારની થયેલી ચોરીના બનાવમાં દુધઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા આરોપીઓ મેહુલ રવાભાઈ આહીર (ઉ.વ. ૨૦), ફીરોઝ લધાભાઈ ખારા (ઉ.વ. ૨૧), સાદીક મહેબુબ રાયમા (ઉ.વ. ૨૧) (રહે. ત્રણેય મોરગર તા. ભચાઉ) ની પોલીસે ધરપકડ કરી હતી. આરોપીઓના કબ્જામાંથી પોલીસે છોટાહાથી વાહન સાથે ૭-૭ બોરી એરંડા અને ગુવાર મળી કુલ રૂા. ૯૮, ૭૦૦ મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપીઓએ મોરગર ગામે ત્રાટકીને સીસીટીવી કેમેરા પર કપડા મુકીને બને ગોગલ બાગીને ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો જે ગુનાનો ભેદ દુધઈ પોલીસે ઉકેલી સફળ કામગીરી કરી હતી.

અંજારમાં આઈપીએલ પરના સટ્ટામાં બે બૂકી જબ્બે

અંજાર પોલીસે વાગડીયા ચોકમાં રામ ઓટા પાસે ક્રિકેટ પર સટ્ટો રમાડી રહેલા હુસેની ઉર્ફે રવુ ચૌહાણ તેમજ મારૂતી ગ્રાઉન્ડ પાસેની ચાની કેબીન પાસે સટ્ટો રમાડતા હમઝા ઈલિયાસ કુંભારને ઝડપી પાડયા હતા. બન્ને આરોપીઓ પાસેથી પોલીસે ૨૯૭૦ની રોકડ રકમ સહિત મોબાઈલ મળીને ૧૭, ૯૭૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પૂર્વ કચ્છમાં કોવિડ સારવાર સરળ અને અસરકારક બનાવવા રજૂઆત કરાઈ

ગાંધીધામ : જયારે પૂર્વ કચ્છમાં કોવિડ સારવાર અંગે પરેશાની અનુભવી રહ્યા છે ત્યારે જાગૃત નાગરિક રવિન્દ્ર સબરવાલ દ્વારા નવનિયુક્ત આઈ.એ.એસ. અધિકારી જે. પી. ગુપ્તાને વોટ્સેપ પર રજૂઆત કરી હતી કે રેમડેસીવીરનો પૂર્વ કચ્છમા વિતરણ માટે ગાંધીધામમા વ્યવસ્થા ઊભી કરવી તથા તેની કાળા બજારી રોકવા પગલા લેવા, સરકારી હોસ્પિટલમા ઉપલબ્ધ નવા વેન્ટિલેટર કાર્યરત કરવા, કોવિડની સારવાર કરતી હોસ્પિટલનો લિસ્ટ જાહેર કરવો અને ત્યા ઉપલબ્ધ વેન્ટિલેટર વાળા બેડની સ્થિતી ઓનલાઇન ઉપલબ્ધ કરાવી, ઘરે સારવાર લેતા દર્દીઓ માટે ઓક્સિજન બેંક ચાલુ કરવી તથા તેમના માટે સંજીવની રથ મારફતે સારવારની વ્યવસ્થા કરવી, ટેસ્ટની સંખ્યા વધારવી તથા ગાંધીધામ ખાતે ટેસ્ટિંગ લેબ તાત્કાલિક ચાલુ કરવી. પ્રતિ ઉત્તરમાં ગુપ્તાએ સૂચનો માટે આભાર વ્યક્ત કર્યો હતો અને આ સૂચનાની નોંધ લેવામા આવી છે તેવી જાણકારી આપી હતી.

॥ શ્રી સ્વામિનારાયણ નમોનમઃ ॥

ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી • અક્ષરધામ સિધાવ્યા છે

જેના અમિચલ આશીષથી
જીવન બાગ, બાગ છે એવાં માતૃશ્રી

અ.નિ. અમરબાઇ
માવજીભાઇ ગોરસીયા
સ્વ.તા. ૬૬/૦૧/૨૦૨૧, સોમવાર (ઉ.વ. ૬૩)

અમારા અસ્તિત્વનો આધાર, સંસ્કાર, સ્નેહ અને શ્રમની પ્રેરક મૂર્તિ, સદાચાર સહ સાહસની પ્રેમાળ છાયા સદેહે આયખું પૂર્ણ કરી અક્ષરધામ સિધાવ્યા છે. પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમના દિવ્યાત્માને અક્ષરધામમાં ચિર શાંતિ અર્પે અને અમોને તેમના પ્રેરક દિવ્ય પંથે ચાલવાનું બળ અર્પે એજ પ્રાર્થના...

કોરોના કાળના કારણે લૌકિક પ્રાર્થનાસભા રાખેલ નથી આપ સૌના સ્નેહ સંદેશા અમારા માટે સાંત્વનારૂપ બની રહેશે.

ગોવિંદભાઇ માવજીભાઇ ગોરસીયા - ભુજ (પુત્ર)
રામબાઇ ગોવિંદભાઇ ગોરસીયા - ભુજ (પુત્રવધુ)
ગોપાલભાઇ માવજીભાઇ ગોરસીયા - ભુજ (પુત્ર)
રીટાબેન ગોપાલભાઇ ગોરસીયા - ભુજ (પુત્રવધુ)
કાનબાઇ લાલજીભાઇ વરસાણી - માનકુવા (પુત્રી-જમાઇ)
ગં.સ્વ. લાલબાઇ મુરજીભાઇ ભુડિયા - માનકુવા (પુત્રી-જમાઇ)
લક્ષ્મીબેન - રમેશભાઇ ભુડિયા - માનકુવા (પુત્રી-જમાઇ)
રામુબેન - કલ્યાણભાઇ વેકરીયા - બળદિયા (પુત્રી-જમાઇ)
રમિલાબેન - દિનેશભાઇ ગોવિંદ ગોરસીયા (પૌત્રવધુ-પૌત્ર)
કસ્તુરબેન - હરીશભાઇ ગોવિંદભાઇ ગોરસીયા (પૌત્રવધુ-પૌત્ર)
શાન્તાબેન - હિતેશભાઇ ગોપાલ ગોરસીયા (પૌત્રવધુ-પૌત્ર)
અનિતાબેન - જીતેશભાઇ ગોપાલ ગોરસીયા (પૌત્રવધુ-પૌત્ર)
પ્રિતિ - ભરતભાઇ હરજી હીરાણી - કોડકી (પૌત્રી-જમાઇ)
કસ્તુરબેન - કાન્તી લક્ષ્મણ હીરાણી - બળદિયા (પૌત્રી-જમાઇ)
ભારતીબેન - લાલજી જાદવજી વાઘજીયાણી - માંડવી (પૌત્રી-જમાઇ)
ક્રિશ, ક્રિશિકા, પ્રથમ, દ્વિતિયા, નિવાન, હિતાન્શી (પરપૌત્ર-પૌત્રી)
સંકેત, અર્થ, મનસ્વી, કૃષવ, વેદાંત (પરદોહિત્ર-દોહીત્રી)
એવ સમગ્ર માવજી દેવરાજ ગોરસીયા પરિવાર
SVCT ગ્રુપ ઓફ કંપનીઝ
ભારત • સેનેગલ • ગામ્બીયા • ઘાના

એમપીએસઇઝેડ યુટિલિટિઝ લિમિટેડ

જાહેર સૂચના
ગુજરાત વિદ્યુત નિયમન આયોગ સમક્ષ

નિમ્નલિખિત સંદર્ભમાં

એમપીએસઇઝેડ યુટિલિટીઝ લિમિટેડ (એમયુએલ), અદાણી કોર્પોરેટ હાઉસ, શાંતિગ્રામ, વૈષ્ણો દેવી સર્કલ પાસે, એસ.જી. હાઇવે, ખોડીયાર, અમદાવાદ - ૩૮૨ ૪૨૧ દ્વારા નામદાર ગુજરાત વિદ્યુત નિયમન આયોગ સમક્ષ જીઈઆરસી જાહેરનામા નં. ૨૦૧૦ના ૩ (રીન્યુએબલ એનર્જી સોર્સિઝ પાસેથી ઉર્જાની પ્રાપ્તિ) નિયમનો ૨૦૧૦, જીઈઆરસી જાહેરનામા નં. ૨૦૧૪ ના ૨ (રીન્યુએબલ એનર્જી સોર્સિઝ પાસેથી ઉર્જાની પ્રાપ્તિ) નિયમનો ૨૦૧૦ (પ્રથમ સુધારો) નિયમનો ૨૦૧૪ અને જીઈઆરસી જાહેરનામા નં. ૨૦૧૮ના ૫ (રીન્યુએબલ એનર્જી સોર્સિઝ પાસેથી ઉર્જાની પ્રાપ્તિ) નિયમનો ૨૦૧૦ (ત્રીજો સુધારો) નિયમનો ૨૦૧૮ હેઠળ નાં.પ્ર. ૨૦૧૮-૧૯ માટે આરપીઓ અનુપાલનના મોનિટોરિંગ માટે અરજી નં. ૧૮૮૪/૨૦૨૦ કરવામાં આવી છે.

અરજદાર

1. નામદાર જીઈઆરસીના તારીખ ૦૩.૦૪.૨૦૨૧ના દૈનિક આદેશ અન્વયે આથી જાહેર જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજી સામે જે કોઈ વ્યક્તિ પોતાના વાંધા / સૂચનો રજૂ કરવા ઇચ્છતા હોય તેઓએ સેક્રેટરી, ગુજરાત વિદ્યુત નિયમન આયોગ (જીઈઆરસી), છઠ્ઠો માળ, ગિફ્ટ વન, રોડ ૫-સી, ઝોન ૫, ગિફ્ટ સિટી, ગાંધીનગર - ૩૮૨૩૫૫ સમક્ષ, પોતે જે દસ્તાવેજો ઉપર આધાર રાખનાર હોય તે અને તેના સમર્થનમાં એફિડેવિટ, તમામ પાંચ સેટમાં ૧૯.૦૫.૨૦૨૧ ના રોજ કે તે પહેલા મળી જાય તે રીતે રજૂ કરવાના રહેશે. તેઓ રૂબરૂમાં રજૂઆત કરવા ઇચ્છતા હોય તો તે બાબત પણ તેઓએ દર્શાવવાની રહેશે. દરેક રજૂઆતની એક નકલ એમપીએસઇઝેડ યુટિલિટીઝ લિમિટેડને તેની રજીસ્ટર્ડ ઓફિસે, નીચે દર્શાવ્યા મુજબના સરનામે મોકલવાની રહેશે.
2. રસ ધરાવતા લોકોના સંદર્ભ માટે, અરજીની નકલ જોવા માટે એમપીએસઇઝેડ યુટિલિટીઝ લિમિટેડની ઓફિસે, પીજા માળે, અદાણી હાઉસ, એપીએસઇઝેડ, નવિનાલ આઇલેન્ડ, ધ્રુબ પાસે, મુંદ્રા, કચ્છ - ૩૭૦૪૨૧ ખાતે પ્રાપ્ય છે.
3. ઉપરોક્ત અરજીની ઇલેક્ટ્રોનિક કોપી વેબસાઇટ www.adaniports.com ઉપર પણ ઉપલબ્ધ છે

એમપીએસઇઝેડ યુટિલિટિઝ લિમિટેડ વતી
સહી/-
ડાયરેક્ટર

રજી. ઓફિસ: અદાણી કોર્પોરેટ હાઉસ, શાંતિગ્રામ, વૈષ્ણોદેવી સર્કલ પાસે, એસ. જી. હાઇવે, ખોડિયાર, અમદાવાદ - ૩૮૨૪૨૧ (ગુજરાત) ભારત.
ફોન નં.: ૯૧ ૭૯ ૨૫૫૫૫૮૦૧, **ફેક્સ નં.:** ૯૧ ૭૯ ૨૫૫૫ ૬૪૯૦

જોઈએ છે.
ફોટોગ્રાફર - ૧
પોતાનું કેમેરા હોવું જરૂરી
ફોટોગ્રાફી, વિડીયોગ્રાફી કરી શકે તેવા અનુભવી
સંપૂર્ણ બાયોડેટા સાથે રૂબરૂ મળો.
મળવાનો સમય : સાંજે ૪ થી ૮
પ્લોટ નં. ૨૮૭, ૨૮૮, સેક્ટર ૧/એ,
ગાયત્રી મંદિર પાસે, ગાંધીધામ (કચ્છ)

WANTED
Computer Operator cum Co Ordinator
for Trust at Gandhidham
Salary : Rs. 12000 per Month
Requirements
- Bachelor's Degree holder
- Basic Computer Knowledge
- Minimum 3 year Experience
Email resume at : info@srkst.org

મિત્રાંજલિ



સ્વ. પુનશી સુમાર શાખરા (ગઢવી)
ઉ.વ. ૫૨, સ્વ. તા. ૨૭-૦૪-૨૦૨૧, ભુજપર, તા. મુન્દ્રા

વ્હાલા મિત્ર પૌત્રા વર્ષોની મિત્રતા સરળ શાંત સ્વભાવ અને લોકઉપયોગી તરીકે તુ હમેંશા અમારા હૃદયમાં રહીશ તારી અચાનક વિદાય થી દુઃખની લાગણી પ્રસરી ગઇ છે. ઈશ્વર તમારી આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના...
ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

લિ.
• સ્વ. દેવજીભાઇ કરશનજી રાજગોર પરિવાર
• મુકેશ, સમીર, મહેન્દ્ર, નિશાંત
ગામ : ભુજપર, તા. મુન્દ્રા